# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સિતરામણે અંદાજપત્રમાં પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ લઘુ અને મધ્યમ કક્ષાના એકમો માટે અનેક જાહેરાતો કરી.**
2. **આવકવેરા પરની કરમુક્તિ મર્યાદા વધારીને 12 લાખ રૂપિયા કરાઈ - IFSC માટે અનેક પ્રોત્સાહનો જાહેર કરાયા.**
3. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈકાલે બોરસદ ખાતેથી 230 કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું.**
4. **અમદાવાદ ખાતે ગઈકાલે યોજાયેલી સ્ટેમ ક્વિઝ સ્પર્ધામાં દેશભરના ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.**
5. **રાજ્યમાં આજે વસંત પંચમીની આસ્થાપૂર્વક ઉજવણી.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# BUDGET 2025-26 (PAGE 1)

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે વર્ષ 2025-26 નું અંદાજપત્ર રજૂ કર્યું હતું.

અંદાજપત્રમાં ખાસ કરીને મધ્યમ અને પગારદાર વર્ગ, કૃષિ, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમો તથા એકંદર અર્થતંત્રનાં વિકાસ માટે અનેક જાહેરાતો કરવામાં આવી છે.

નાણા મંત્રીએ જાહેરાત કરી કે, નવી કરપ્રણાલિ હેઠળ આવકવેરાનાં સ્લેબ પ્રમાણે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ વેરો નહીં લાગે. 75 હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન ઉમેરતાં પગારદાર વ્યક્તિની કુલ 12 લાખ 75000 સુધીની વાર્ષિક આવક પર કોઇ ટેક્સ નહીં લાગે.

નવી કર પ્રણાલિ હેઠળ આવકવેરાનાં નવા સ્લેબ દાખલ કરાયા છે, જે મુજબ 4 લાખ રૂપિયાની આવક પર કોઇ ટેક્સ નહીં લાગે. 4 લાખથી 8 લાખ રૂપિયાની આવક પર 5 ટકા અને 24 લાખથી ઉપરની આવક પર મહત્તમ 30 ટકા લેખે ટેક્સ લાગશે. તેમણે કરમાળખા સુધારાને વિક્સિત ભારતનાં વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્વનો સુધારો ગણાવ્યો હતો.

વરિષ્ઠ નાગરિકો માટે કર કપાત મર્યાદા 50 હજાર રૂપિયાથી વધારીને 1 લાખ રૂપિયા કરવામાં આવી છે.

અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્ર માટે અનેક મહત્વની મહત્વની જાહેરાતો કરાઇ  છે.

નાણા મંત્રીએ જણાવ્યું કે, કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા ઋણ માટેની મર્યાદા 3 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવામાં આવશે. આસામના નામરૂપમાં યુરિયા પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે.

# (PAGE 2 )

બજેટમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષનાં એકમો-MSME માટે નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. સ્ટાર્ટ અપ માટે ક્રેડિટ ગેરન્ટી કવર 10 કરોડ રૂપિયાથી વધારીને 20 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.

આરોગ્ય ક્ષેત્ર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આગામી ત્રણ વર્ષમાં દેશનાં તમામ જિલ્લાઓમાં કેન્સર કેન્દ્રો અને કેન્સરની સારવાર માટે ડે-કેર કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ ઉપરાંત, જળ જીવન મિશનને 2028 સુધી લંબાવવાની, 1 લાખ કરોડ રૂપિયાના ખર્ચ સાથે શહેરી પડકાર ભંડોળ સ્થાપવાની, કૌશલ્ય વિકાસ માટે રાષ્ટ્રીય કેન્દ્રો સ્થાપવાની અને મેડિકલ કોલેજોમાં 10,000 વધારાની બેઠકોની જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્રીય અંદાજપત્રમાં ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર (IFSC)ને પ્રોત્સાહન આપવા માટે  નાણામંત્રીએ ગઈ કાલે જાહેરાતો કરી હતી.

પ્રસ્તુત છે આ અંગેનો અહેવાલ

## (VOICE CAST ANIL PATEL)

# BUDGET REACTION

**રાજ્યના મહાનુભાવો, વેપારી મંડળો તથા નાગરિકોએ કેન્દ્રીય અંદાજપત્રને આવકાર્યું છે.**

**રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ અંદાજપત્રને ઐતિહાસિક ગણાવતા કહ્યું કે, બજેટમાં ખેડૂતો, યુવા વર્ગ, નોકરિયાત અને મધ્યમ વર્ગની જૂની માંગણીઓ સંતોષાઈ છે.**

કેન્દ્રીય અંદાજપત્રમાં કરાયેલી જાહેરાતોથી ખેડૂતોને લાભ થશે. આ અંગે સાંભળીએ સુરેન્દ્રનગરનો એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ:  દિનેશ પરમાર)

નવસારી જિલ્લાના લોકોએ કેન્દ્રીય અંદાજપત્રમાં લેવાયેલા નિર્ણયોને આવકાર્યા છે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ: અશોક પટેલ, પીટીસી નવસારી )

# CM TRAVELING

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સવારે વડોદરાના નવલખી મેદાને ખાતે આયોજીત મેરેથોન દોડને પ્રસ્થાન કરાવી હતી. આ કાર્યક્રમમાં પ્રભારી મંત્રી હર્ષ સંઘવી પણ જોડાયા હતા. આ સાથે જ વાઘોડિયા રોડ ઉપર નવનિર્મિત બરોડા પબ્લિક શાળાનું ઉદ્ઘાટન કરશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે નવસારીના એક દિવસીય પ્રવાસે જવાના છે. તેઓ જલાલપોરની કરાડી રાષ્ટ્રીય શાળાના શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહેવાના છે.

અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે સવારે 9 કલાકે શરૂ થનારા આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્ર સી. આર. પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રફુલ પાનશેરીયા, ધારાસભ્ય આર. સી. પટેલ, નરેશ પટેલ સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, પદાધિકારીઓ તેમજ શિક્ષણ સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

# CM LOKARPAN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈકાલે બોરસદની 230.29 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ – ખાતમૂર્હુત કર્યું.

મુખ્યમંત્રીએ બોરસદ, ઉમરેઠ, તારાપુર, ખંભાત તથા આણંદ તાલુકામાં આરોગ્ય, માર્ગ – મકાન, શિક્ષણ સહિતના કુલ 91 વિકાસ કામોનું લોકાર્પણ – ખાતમૂર્હુત કર્યું.

મુખ્યમંત્રીના હસ્તે નવનિર્મિત વિશ્રામ ગૃહ અને નગરપાલિકા મુખ્ય દ્વારનું લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા સૌને અનુરોધ કર્યો હતો.

આણંદ જિલ્લાની મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રીના હસ્તે વિવિધ ક્ષેત્રમાં કામગીરી કરનાર 8 મહાનુભાવોનું સન્માન અને કોફી ટેબલ બુકનું વિમોચન કરાયું હતું.

મુખ્યમંત્રીએ સુણાવ ગામની મુલાકાત લઈ નવનીત પટેલની પ્રતિમાનું અનાવરણ, નવનીત માર્ગનું લોકાર્પણ અને સુણાવના 200 વર્ષના ઇતિહાસને વર્ણવતા પુસ્તકનું વિમોચન કર્યું હતું.

# AMC AUDA

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઓડા)ની ૩૦૨મી બોર્ડ બેઠક મળી હતી. આ બોર્ડ બેઠકમાં જુદા જુદા વિસ્તારની કુલ- ૧૮ નગર રચના યોજનાઓ અંગે પરામર્શ કરવામાં આવ્યો.

આ ઉપરાંત ઔડા રીંગરોડ, સેન્ટ્રલાઇઝ ઇન્ફોર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (CIMS) અને ઔડા કચેરી સંબંધી માહિતી માટે RTI ની અરજીઓ માટે ઓનલાઇન સુવિધા વગેરે અંગે વિચારણા હાથ ધરવામાં આવી.

# STEM QUIZ CELEBRATION

રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે સ્ટેમ ક્વિઝ ૩.૦ની ફાઈનલ યોજાઈ હતી. જેમાં વિજેતાઓને શ્રી વિશ્વકર્માના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

**વિજ્ઞાન- ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ વિષયોને સમાવતી દેશની સૌથી મોટી સ્ટેમ(STEM) ક્વિઝ સ્પર્ધામાં દેશભરમાંથી ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૨ કરોડ રૂપિયાના ઇનામો એનાયત કરાયાં હતા. સ્ટેમ ક્વિઝ ૩.૦ની ગ્રાન્ડ ફિનાલેમાં ૧ હજાર 80 વિદ્યાર્થીઓ સહિત 2 હજારથી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.. ઉલેખનીય છે કે ફાઈનલ રાઉન્ડમાં ૮ ટીમો વચ્ચે સ્પર્ધા યોજાઇ હતી.**

# VASANT PANCHMI

આજે વસંત પંચમી છે. પ્રકૃતિના મહાપર્વ સમા વસંત પંચમીથી પ્રકૃતિ નવુ સ્વરૂપ ધારણા કરે છે.

**રાજ્યભરમાં આજે વસંત પંચમીની આસ્થાપૂર્વક ઉજવણી કરાશે. આજના દિવસે માં શારદાની પૂજાનું વિશેષ મહત્વ હોય છે. અનેક સંસ્થાઓ દ્વારા આજે સરસ્વતી આરાધનાના આયોજનો કરાશે.**

**દ્વારકા ખાતે દ્વારાકાધીશ મંદિરમાં વસંત પંચમી મહોત્સવ અંતર્ગત હરીયાળી સજાવટ શૃંગાર અને ઉત્સવ આરતી સહિતના કાર્યક્રમો યોજાશે.**

**આજનો દિવસ નવા કાર્યો માટે શુભ ગણાતો હોવાથી અનેક લોકો શુભ કાર્યોનો પ્રારંભ કરશે.**

# MILET MAHOSTAV

આગામી 8 અને 9 ફેબ્રુઆરીના રોજ રાજ્યની સાત મહાનગરપાલિકામાં મિલેટ મહોત્સવ યોજાશે.

રાજ્યકક્ષાનો મિલેટ મહોત્સવ અમદાવાદ ખાતે યોજાશે. જેનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરાશે.  આ સાથે સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, ગાંધીનગર અને જામનગરમાં પણ મિલેટ મહોત્સવ યોજાશે.

અમદાવાદ ખાતે યોજાનાર મિલેટ મહોત્સવમાં મિલેટ્સ અને પ્રાકૃતિક કૃષિ પેદાશોના પ્રદર્શન – વેચાણ માટે 100 સ્ટોલ ઊભા કરાશે. ઉફરાંત મિલેટ પાક અંગે પરિસંવાદો યોજાશે. લોકો તથા ખેડૂતોને મિલેટ્સની વિશેષતા અંગે માર્ગદર્શન અપાશે.

અમદાવાદ ખાતો યોજાનાર મિલેટ મહોત્સવના આયોજન અંગે મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં મહોત્સવની તૈયારીઓ અને આયોજન અંગે ચર્ચા કરાઈ હતી.

# BETI BACHAVO BETI PADHAVO

બેટી બચાઓ બેટી પઢાઓ યોજનાના ૧૦વર્ષ પૂર્ણ થયાની ઉજવણી રાજ્ય તથા વિવિધ જીલ્લાઓ ખાતે કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ડીસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW)ની ટીમ દ્વારા અંજાર તાલુકાના માથક ગામે “શેરી રમતોત્સવ” અંતર્ગત શેરી રમત અને કિશોરીઓ માટે “મેડીકલ ચેકઅપ” કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવ કાર્યક્રમમાં ગામના સરપંચ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિમેલ હેલ્થ વર્કર સહિત પ્રાથમિક શાળામાં અભ્યાસ

**કરતા ધોરણ ૧ થી ૫ અને ૬ થી ૮ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ સાથે જ ગામમાં નવતર જન્મેલ બે દીકરીઓને “દીકરી વધામણાં” કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.**

# APEDA REGISTRATION

બાગાયતી પાકની વિદેશમાં નિકાસ કરવા માગતા ખેડૂતો કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ એટલે કે, APEDAની વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. ખેડૂતોએ નોંધણી કર્યા બાદ અરજીની નકલ અને દસ્તાવેજ નાયબ બાગાયત નિયામકની કચેરી, વડોદરા ખાતે રૂબરૂ અથવા ટપાલથી રજૂ કરવા કચેરીની યાદીમાં જણાવાયું છે.

# SWIMING

**ઉતરાખંડમાં ચાલી રહેલા રાષ્ટ્રીય રમતોત્સવમાં ગઈકાલે ગુજરાતની ટીમે 4 બાય 200 મીટર ફ્રિસ્ટાઈલ રીલે તરણ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે.**

**આર્યન નેહરા, અંશુલ કોઠારી, વ્રજ પટેલ, દેવાંશ પરમારનો સમાવેશ કરતી આ ટીમે સાત મીનીટ અને 49.71 સેકેન્ડના સમય સાથે 4 બાય 200 મીટરની ફ્રીસ્ટાઈલ રીલે ઈવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો છે.**